# BUSINESS મિત્ર

# સેન્સેક્સ-નિફ્ટી સપાટ, પણ સ્મોલ-મિડકેપમાં તેજી

**નિફ્ટી** મિડકેપમાં 1.01% અને સ્મોલકેપમાં 2.01%નો ઉછાળો; 2,938 શેરોમાં ખરીદીનો માહોલ જામ્યો

**રોકાણકારોને** 3 લાખ કરોડનો ફાયદો

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 27:** ભારતીય શેરબજારમાં આજે નિફ્ટી મંથલી એક્સપાયરીના કારણે તોફાની વધઘટ રહી હતી. એક બાજું લેવાલીની સામે એક્સપાયરીના કારણે વેચવાલી જોવા મળી હતી, જેના લીધે આજે બેઉતરફી વધઘટે સેન્સેક્સ-નિફ્ટી સપાટ બંધ રહ્યા હતા. જોકે, બ્રોડર માર્કેટમાં પ્રત્યાઘાતી સુધારો જોવા મળ્યો હતો. એક સપ્તાહમાં બાદ સ્મોલકેપ શેરોમાં ઝડપી રીકવરી જોવા મળી હતી. જ્યારે મિડકેપ શેરો પણ ઉછળ્યા હતા. જેના લીધે રોકાણકારોને રૂ. 3 લાખ કરોડની કમાણી થઇ હતી.

સેકટર વાઇઝ જોઇએ તો ફાર્મા અને ઓટો શેરોનો ટેકો મળ્યો હતો, જ્યારે નિફ્ટી ફાર્મા આશરે 2 ટકા અને નિફ્ટી ઓટો આશરે દોઢ ટકા મજબૂત જોવા મળ્યા હતા. જ્યારે નિફ્ટી રિયલ્ટી 2 ટકા, નિફ્ટી એફએમસીજી અડધા ટકા તથા પીએસયુ બેન્ક ઈન્ડેક્સ પણ અડધા ટકાના સુધારા સાથે બંધ રહ્યા હતા. બીજી તરફ, બીજા કવાર્ટરના પરિણામોની મોસમ ચાલી રહી છે, જેના પરિણામોના આધારે કંપની તથા સેકટરમાં વધઘટ જોવા મળી રહી છે. બીએસઇ સેન્સેક્સ 8.08 પોઇન્ટ ઘટીને 73598.67 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 73762 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 73179 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 3.45 પોઇન્ટ ઘટીને 22749.75 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 22829 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 22636 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 391.80 પોઇન્ટ એટલે કે 0.72 ટકા ઘટીને 53974.90 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

### રૂપિયામાં પ્રત્યાઘાતી સુધારો

કરન્સી બજારમાં આજે રૂપિયામાં નજીવો પ્રત્યાઘાતી સુધારો જોવાયો હતો. આજે ડોલરની સામે રૂપિયો 9 પૈસા સુધરીને 95.11ના સ્તરે બંધ રહ્યા હતા. ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.20ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 105.67, પાઉન્ડ 126.81, કેનેડિયન ડોલર 67.93, ઓસ્ટ્રેલિયન ડોલર 66.57, જાપાનીઝ યેન 0.6028 અને સીંગાપોર ડોલર 74.30ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 95.11 રૂ. |
| યુરો | 106.67 રૂ. |
| પાઉન્ડ | 126.81 રૂ. |
| યેન | 0.6027 રૂ. |

બીએસઇ ખાતે ટીવીએસ હોલ્ડીંગ્સમાં 872 ગણા, ગ્રીન્ડવેલ નોર્ટોનમાં 38.33 ગણા, એલઆઇસી હાઉસીંગમાં 23.42 ગણા, ડીએલએફ લિ.માં 22.53 ગણા, સુમીટોમો કેમિકલ્સમાં 14.94 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે વનસોર્સ સ્પેશ્યાલિટી ફાર્મામાં 36.39 ગણા, સોના બીએલડબલ્યુમાં 8.31 ગણા, એકુટાસ કેમિકલ્સમાં 7.41 ગણા, દાલમીયા ભારતમાં 7.31 ગણા અને ઓલા ઈલે.માં 6.7 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં ફ્રન્ટલાઇન શેરોની સામે બ્રોડર માર્કેટનું ખુબજ સારૂ પ્રદર્શન રહ્યું હતું. નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સ 1.01 ટકા અને નિફ્ટી સ્મોલકેપ ઈન્ડેક્સ 2.01 ટકા વધારો જોવાયો હતો. જ્યારે માર્કેટ બ્રેડથ મજબૂત જોવાયા હતા. બીએસઇ ખાતે 2938 શેરો વધ્યા હતા, જ્યારે 1381 શેરો ઘટ્યા હતા અને 238 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી મીડિયા ઈન્ડેક્સ 3.49 ટકા વધ્યો હતો. જેમાં સન ટીવી નેટવર્ક, પ્રાઇમ ફોકસ, સારેગામા ઈન્ડિયા, પીવીઆર આઇનોક્સ અને ટીપ્સ મ્યુઝીક તથા નેટવર્ક 18 મીડિયા, ડીબી કોર્પ, નઝારા ટેકનો, ઝી એન્ટર વધ્યા હતા. વૈશ્વિક સ્તરે ડાઉ ફ્યુચર્સ 82 પોઇન્ટ સુધર્યો હોવાથી અમેરિકન બજારો સપાટ ખુલવાના સંકેત આપી રહ્યા હતા. યુરોપિયન બજારોમાં ઘટાડો થયો હતો. કારણ કે રોકાણકારોએ મીડલ ઈસ્ટમાં ભૌગોલિક રાજકીય તણાવ, ક્રુડ ઓઇલના ભાવમાં વધારો અને વૈશ્વિક વ્યાજ દરો માટેના દ્રષ્ટિકોણનું મુલ્યાંકન કર્યુ હતું. યુએસની મુખ્ય તકનીકી કમાણી અને સેન્ટ્રલ બેન્કના નીતિગત નિર્ણયો પહેલા પણ સાવચેતી પ્રર્વતે છે. એઆઇ કંપની એન્થ્રોપિક દ્વારા આયોજિત આઇપીઓ માટે ફાઇલીંગથી કોર્પોરેટ કમાણી અને સેન્ટ્રલ બેન્કના નિર્ણયોના વ્યસ્ત અઠવાડિયા પહેલા ટેકનોલોજી શેરોની ખરીદીનું આકર્ષણ ફરીથી વધ્યું હતું.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -8.08 | 73598.67 |
| નિફ્ટી | -3.45 | 22749.75 |
| બેન્ક નિફ્ટી | -391.80 | 53974.90 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાટા કન્ઝ્યુમર | 6.78 | 1000.00 |
| ભારતી એરટેલ | 3.20 | 1978.80 |
| મેક્સ હેલ્થકેર | 1.20 | 845.00 |
| બીએસઇ | 2.44 | 3441.10 |
| ટ્રેન્ટ | 2.42 | 2820.60 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| અદાણી એન્ટર | 0.72 | 2490.00 |
| એશિયન પેઇન્ટસ | 1.94 | 2277.00 |
| કોલ ઇન્ડિયા | 1.73 | 398.00 |
| ગ્રાસીમ ઇન્ડ. | 1.67 | 2900.80 |
| આઇટીસી | 0.19 | 260.00 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ભારતી એરટેલ | 3.18 | 1978.00 |
| ટ્રેન્ટ | 2.40 | 2829.00 |
| મારૂતિ સુઝુકી | 2.28 | 11454.85 |
| પાવરગ્રીડ | 1.99 | 251.50 |
| ઇટર્નલ | 1.66 | 330.50 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એસબીઆઇ | 1.55 | 945.10 |
| એક્સીસ બેન્ક | 1.53 | 1206.20 |
| ટીસીએસ | 1.42 | 2500.00 |
| એસિયન પેઇનટ્સ | 1.40 | 2290.40 |
| એચડીએફસી બેન્ક | 1.19 | 680.00 |

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૫૪ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૩૦૪.૫ | ૫૦/૩૬ '' | ૧૬૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૭૭.૫ |
| ૩૦/૩૬ એફડી | ૩૧૧.૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૭૭ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૫૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૬૮.૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૩.૭ |
| ૬૮/૩૬ | ૧૭૦ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૭૨.૨૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૬૫.૫ | ૬૮ ક્રિમ્પ | ૧૬૮.૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૨.૪ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૬૩.૫ | ૮૦/૭૨ રોટો | ૧૭૨.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૬૫.૩૭ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૧ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૭૭.૫ | ૮૦ ક્રિમ્પ | ૧૬૫.૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૬૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૭૭.૫ | ૮૦/૭૨ રોટો | ૧૬૭.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૬૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૫૮ | ૮૦/૧૦૮ '' | ૧૭૦ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૬૭.૫ |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૫૭૦૦ |
| એમ-૩૦ | ૫૬૦૦ |
| એસ-૩૦ | ૫૫૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૫૫૦૦ |
| એસ-૩૦ | ૫૪૦૦ |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૬૩૫૦ |
| તેજાબી સોનું | ૧૪૬૨૬૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૩૯૦૩૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૪૩૪૨૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૬૩૫૦૦ |
| ચાંદી (૯૯૯) | ૧૯૯૪૦૦ |
| ચાંદી સિક્કા | ૨૦૦૯૦૦ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

# ભારતમાંથી વિદેશમાં થતા રોકાણમાં 14 ટકાનો ઘટાડો નોંધાયો

**દૂબઈ-અમેરિકાને** બાજુ પર મૂકી ભારતીયો નેધરલેન્ડ્સ પર મહેરબાન; એક જ મહિનામાં $2.16 અબજનો ઢગલો કર્યો

મુંબઈ, તા. 27: સપ્ટેમ્બરમાં ભારતનું આઉટવર્ડ એફડીઆઈ 14 ટકા ઘટીને 4.34 અબજ ડોલર થયું છે, જેનું કારણ લોન અને ગેરંટીમાં ઘટાડો થયો છે. બાહ્ય FDI પ્રતિબદ્ધતાઓમાં ઈક્વિટી, લોન અને ગેરંટીનો સમાવેશ થાય છે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા સોમવારે જાહેર કરાયેલા કામચલાઉ આંકડા મુજબ, સપ્ટેમ્બર મહિનામાં ભારતમાંથી થતું વિદેશી પ્રત્યક્ષ રોકાણ (FDI) વાર્ષિક ધોરણે ઘટીને 4.34 અબજ ડોલર થયું છે, જે એક વર્ષ અગાઉ 5.04 અબજ ડોલર હતું. રોકાણ અગાઉના મહિનામાં નોંધાયેલા $6.87 અબજથી 37 ટકા ઘટી ગયું છે. ભારતની બહાર કરવામાં આવેલી ઈક્વિટી પ્રતિબદ્ધતાઓ ઓગસ્ટના $4.10 અબજથી ઘટીને સપ્ટેમ્બરમાં $3.26 અબજ થઈ છે, જે એક વર્ષ અગાઉ નોંધાયેલા $2.59 અબજ કરતાં વધુ છે. વિદેશી પેટાકંપનીઓને આપવામાં આવેલી લોન ઓગસ્ટના $474 મિલિયનથી વધીને સપ્ટેમ્બરમાં $549 મિલિયન થઈ છે. આ લોનનું પ્રમાણ એક વર્ષ અગાઉ નોંધાયેલા $981 મિલિયન કરતાં ઓછું પણ રહ્યું છે.

ભારતીય કંપનીઓ દ્વારા વિદેશી રોકાણો માટે આપવામાં આવેલી ગેરંટીમાં અગાઉના મહિનાની સરખામણીએ 77 ટકાનો ઘટાડો થયો છે અને તે ઘટીને 528.21 મિલિયન ડોલર થઈ ગઈ છે.

જોકે, આ ઈક્વિટી કમિટમેન્ટ્સ સપ્ટેમ્બર 2025ના 2.59 અબજ ડોલરની સરખામણીએ લગભગ 16 ટકા વધુ છે, જે વાર્ષિક ધોરણે (year-on-year) મજબૂત પ્રતિબદ્ધતાઓ સૂચવે છે.

નેધરલેન્ડ રોકાણ માટે મુખ્ય સ્થળ બનીને ઉભરી આવ્યું છે, જ્યાં 2.16 અબજ ડોલરનું રોકાણ કરાયું છે.

# 2047 સુધીમાં સ્ટીલ ઉત્પાદનને ત્રણ ગણું કરીને 604 મિલિયન ટન કરવાની યોજના

**પણ** ગ્રીન ટ્રાન્ઝિશન મોટો રોડબ્લોક

**નાના** ઉત્પાદકો પર તાળા વાગવાનું જોખમ!

મુંબઈ, તા. 27 : ભારત 2047 સુધીમાં સ્ટીલ ઉત્પાદનને ત્રણ ગણું કરીને 604 મિલિયન ટન કરવાની યોજના ધરાવે છે, જેના કારણે કેપેસિટી ગ્રોથ અને એમિશન ટાર્ગેટ વચ્ચે બેલેન્સ બનશે. આ ઔદ્યોગિક ક્ષમતામાં એક વિશાળ વિસ્તરણ દર્શાવે છે, તેમ છતાં તે એક જટિલ પડકાર પણ ઊભો કરે છેઃ આ ક્ષેત્રના કુલ કાર્બન ફૂટપ્રિન્ટમાં નોંધપાત્ર વધારો કર્યા વિના ઉત્પાદન કેવી રીતે વધારવું? આ લક્ષ્ય સુધી પહોંચવાનો માર્ગ માત્ર નવા પ્લાન્ટ સ્થાપવા પૂરતો સીમિત નથી; તેમાં સ્ટીલના ઉત્પાદન માટે વપરાતી મૂળભૂત ટેક્નોલોજીમાં પરિવર્તન લાવવાનો સમાવેશ પણ થાય છે. ટાટા સ્ટીલ, JSW સ્ટીલ અને સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (SAIL) જેવા મુખ્ય ખેલાડીઓ મોટા, ઊર્જા-સઘન બ્લાસ્ટ ફર્નેસ ચલાવે છે જે કોલસા પર ખૂબ આધાર રાખે છે. આ કંપનીઓ માટે, ગ્રીન સ્ટીલ તરફ આગળ વધવાનો અર્થ ખર્ચમાં મોટો ફેરફાર થાય છે. ગ્રીન હાઈડ્રોજન અથવા કુદરતી ગેસનો ઉપયોગ કરવા જેવી સ્વચ્છ પદ્ધતિઓ તરફ વળવામાં ભારે મૂડી રોકાણનો સમાવેશ થાય છે. આ ખર્ચ નફાના માર્જિન પર દબાણ લાવી શકે છે અને ટૂંકાથી મધ્યમ ગાળામાં દેવાના સ્તરમાં વધારો કરી શકે છે.

શેરધારકો માટે, મુખ્ય નાણાકીય દેખરેખ એ છે કે શું કંપનીઓ સ્પર્ધાત્મકતા જાળવી રાખીને આ ખર્ચને શોષી શકે છે.

આ પડકાર સમગ્ર ઉદ્યોગમાં એકસરખો નથી. મોટા સંકલિત સ્ટીલ ઉત્પાદકો પાસે ટેક્નોલોજીમાં રોકાણ કરવા માટે સંસાધનો હોય છે, જ્યારે નાના ગૌણ (સેકન્ડરી) સ્ટીલ ઉત્પાદકો પાસે ઘણીવાર સ્વચ્છ ઊર્જા તરફ ઝડપથી આગળ વધવા માટે જરૂરી આર્થિક સ્ત્રોતનો અભાવ હોય છે.

# મારુતિ સુઝુકીના પરિણામો મિશ્ર

**આવકમાં** 26%નો બમ્પર વધારો, પણ નફો 26% ગબડ્યો

મુંબઈ, તા. 27: દેશની સૌથી મોટી કાર કંપની મારુતિ સુઝુકીએ સપ્ટેમ્બર 2026 ક્વાર્ટરના નાણાકીય પરિણામો જાહેર કર્યા છે. આ વખતે પરિણામો મિશ્ર રહ્યા હતા, જ્યાં એક તરફ કંપનીના નફામાં મોટો ઘટાડો થયો છે, તો બીજી તરફ આવકમાં બમ્પર વધારો થયો છે.

જુલાઈ-સપ્ટેમ્બર 2026 ક્વાર્ટર દરમિયાન, મારુતિ સુઝુકીનો ચોખ્ખો કોન્સોલિડેટેડ નફો વાર્ષિક ધોરણે 26 ટકાથી વધુનો ઘટાડો થયો હતો. કંપનીનો નફો ક્વાર્ટરમાં ઘટીને રૂપિયા 2466.1 કરોડ થયો છે, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં રૂપિયા 3349 કરોડ હતો.

જો કે, નફામાં આ મંદીની વિપરીત, કંપનીની કામગીરીમાંથી એકીકૃત આવકમાં 26 ટકાની અદભૂત વૃદ્ધિ નોંધાઈ હતી. સપ્ટેમ્બર 2026 ક્વાર્ટરમાં કંપનીની આવક વધીને રૂપિયા 50,618.1 કરોડ થઈ છે, જે ગયા વર્ષના સમાન સમયગાળામાં રૂપિયા 40138.7 કરોડ હતી.

મારૂતિ સુઝુકીના નફામાં ઘટાડો થવાનું એક મોટું કારણ ખર્ચ અને ખર્ચમાં ઉછાળો છે.

કંપનીએ સ્ટોક એક્સચેન્જને આપવામાં આવેલી માહિતીમાં જણાવ્યું હતું કે સપ્ટેમ્બર 2026 ક્વાર્ટરમાં તેનો કુલ ખર્ચ વધીને 50,619 કરોડ રૂપિયા થયો છે. એક વર્ષ પહેલા આ જ ક્વાર્ટરમાં કંપનીનો કુલ ખર્ચ 39,018.4 કરોડ રૂપિયા હતો. ખર્ચ વધારાની સીધી અસર કંપનીના માર્જિન અને બોટમ લાઇન પર સ્પષ્ટપણે દેખાય છે.

# લાર્સન-ટુબ્રોએ વિદેશી ઓર્ડરમાં વિક્રમ સર્જ્યો

**કુલ** ઓર્ડરમાંથી 63 ટકા વિદેશી ઓર્ડર મળ્યા

**કંપનીના** બીજા કવાર્ટરમાં આવક 16 ટકા વધી, અને નફો 33 ટકા ઉછળ્યો

મુંબઇ, તા. 27: દેશની અગ્રણી એન્જિનીયરીંગ અને ઇન્ફ્રાસ્ટ્રકચર કંપની લાર્સન એન્ડ ટુબ્રોના બીજા કવાર્ટરના પરિણામ જાહેર થયા છે. જોકે, કંપનીએ વિદેશી ઓર્ડર મેળવવામાં રેકોર્ડ સર્જ્યો છે. આમ, કુલ ઓર્ડરમાંથી 63 ટકા વિદેશી ઓર્ડર છે. લાર્સન એન્ડ ટુબ્રો માટે ગત કવાર્ટર ખુબ જ ઐતિહાસિક રહ્યું હતું. આ ગાળામાં કંનપીને રૂ. 147665 કરોડના ઓર્ડર મળ્યા છે, જે ગત વર્ષની સરખામણીએ 28 ટકા વધુ છે. આ કુલ ઓર્ડરમાંથી 63 ટકા આશરે રૂ. 92375 કરોડના ઓર્ડર આંતરરાષ્ટ્રીય બજારોમાંથી આવ્યા છે. મુખ્યત્વ હાઇડ્રોકાર્બન, એરપોર્ટ, પબ્લીક સ્પેસ અને પાવર ટ્રાન્સમિશન જેવા ક્ષેત્રોમાંથી કરવામાં આવ્યા છે. આ સાથે જ કંપનીની કુલ ઓર્ડર બુક રૂ. 8.5 લાખ કરોડની સર્વકાલીન ઉંચી સપાટીએ પહોંચી ગઇ છે. કંપનીના બીજા કવાર્ટરના જાહેર થયેલા પરિણામોમાં ચોખ્ખો નફો 33 ટકા વધીને રૂ. 5202 કરોડનો થયો છે, આ સમયગાળામાં કંપનીની કુલ આવક 16 ટકા વધીને રૂ. 78750 કરોડની થઇ છે. સૌથી ચોંકવનારા આંકડા નવા ઓર્ડરના છે. કંપનીએ એક્સચેન્જ ફાઇલીંગમાં જણાવ્યું હતું કે, વૈશ્વિક તણાવ, ભૌગોલિક રાજકીય સંઘર્ષ અને ઉર્જાના ઉંચા ભાવો વચ્ચે પણ ભારતીય અર્થતંત્રનું ઇન્ફ્રાસ્ટ્રકચર મજબૂત છે.

# ચાંદી 10 મહિનામાં પહેલીવાર રૂ. 2 લાખની સપાટીથી નીચે

**સોનામાં** પણ રૂ. 500નો ઘટાડો નોંધાયો

નવી દિલ્હી, તા. 27 (PTI): ગ્લોબલ બુલિયન માર્કેટમાં નબળાઇ અને મજબૂત ડોલરની અસર રોકાણકારોની ધારણા પર પડતાં મંગળવારે રાષ્ટ્રીય રાજધાનીમાં ચાંદીના ભાવ 10 મહિનામાં પહેલીવાર ઘટીને રૂ. 2 લાખ પ્રતિ કિલોના આંકડાથી નીચે આવી ગયા હતા અને સોનામાં પણ રૂ. 500નો ઘટાડો નોંધાયો હતો. ઓલ ઈન્ડિયા સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર, તમામ ટેક્સ સહિત સફેદ ધાતુ રૂ. 4,000 ઘટીને રૂ. 1.98 લાખ પ્રતિ કિલોગ્રામ પર પહોંચી ગઈ હતી, જે 10 મહિનામાં તેની સૌથી નીચલી સપાટી છે. અગાઉના સત્રમાં ચાંદી રૂ. 2.02 લાખ પ્રતિ કિલો પર બંધ થઈ હતી. 16 ડિસેમ્બરના રોજ સફેદ ધાતુનો ભાવ રૂ. 1,98,500 પ્રતિ કિલો બોલાયો હતો. 99.9 ટકા શુદ્ધતા ધરાવતું સોનું પણ સોમવારના બંધ ભાવ રૂ. 1,46,300 પ્રતિ 10 ગ્રામથી રૂ. 500 ઘટીને તમામ ટેક્સ સહિત રૂ. 1,45,800 પ્રતિ 10 ગ્રામ થયું હતું. એલકેપી સિક્યોરિટીઝના રિસર્ચ એનાલિસ્ટ - કોમોડિટી એન્ડ કરન્સી (વીપી) જતીન ત્રિવેદીએ જણાવ્યું હતું કે, "ડોલરની મજબૂતી અને આંતરરાષ્ટ્રીય સ્તરે કિંમતી ધાતુઓના ભાવમાં સતત નબળાઈને કારણે સોનું સ્થાનિક બજારમાં દબાણ હેઠળ રહ્યું હતું."

આગામી સ્થિતિ અંગે ત્રિવેદીએ જણાવ્યું હતું કે, સ્થાનિક બજારમાં સોનાના ભાવમાં ઉતાર-ચઢાવ રહેવાની ધારણા છે. નજીકના ભવિષ્યમાં સોનાના ભાવ રૂ. 1.40-1.44 લાખ પ્રતિ 10 ગ્રામની રેન્જમાં રહી શકે છે.

### સુડોકુ 'ક્રીડા'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | ૫ | ૧ | | ૭ | | ૮ | ૯ |
| ૮ | | | ૩ | | ૪ | ૬ | ૭ | ૨ |
| ૨ | ૭ | | | | ૮ | | | |
| | ૯ | ૬ | ૨ | ૩ | | ૧ | ૪ | |
| | | | | | ૯ | | | |
| ૫ | ૨ | ૩ | ૪ | ૮ | ૧ | | | |
| | | ૧ | ૮ | | | ૭ | | |
| | ૫ | | ૭ | | ૬ | ૮ | ૩ | |
| ૬ | | ૭ | ૫ | | ૩ | | ૯ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



### શબ્દગુંફન - ૭૨૮૧

અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**

૧. રૂપાળું, મોહક (૩)
3. મોટું કે નિર્જન જંગલ (૩)
૬. પીઠ પાછળ કરાતી નિંદા (૩)
૮. મોરનો ટહુકો (૪)
૯. ચંત્ર, ચાંપ (૨)
૧૦. મોહલ્લો, લત્તો (૨)
૧૧. રસિક (૪)
૧૩. ઉગ્ર, આકરું (૩)
૧૫. મજબુતાઈ, ટકી રહેવાપણું (૩)
૧૭. એક જંતુ (૨)
૧૮. ભપકાવાળું, આબરૂવાળું (૪)
૨૦. લાગ, પ્રસંગ (૨)
૨૧. અમિતભાની એક ફિલ્મ (૪)
૨૩. ભપકો, દેખાવ, આબરૂ (૨)
૨૩. જંગલની શોભા (૩)
૨૪. શત્રુ સામે આક્રમણ (૨)
૨૮. ગુસ્સો, અધીરાઈ (૫)
૩૧. ''ધીરજનાં... મીઠાં'' (૨)
૩૨. નસ, વલણ (૨)
33. સમય, વખત (૨)
૩૪. પવિત્ર, શીલવાન (૨)

**ઊભીચાવી**

૧. દગોફટકો (૫)
૨. કેડે વીંટાળવાનું એક વસ્ત્ર (૨)
૩. ઇચ્છિત, પ્રિય (૨)
૪. માલિશ કરવું તે (૩)
૫. વહેમી (૪)
૭. કપૂરમાં મસાલો નાખી કરેલો સુગંધી પદાર્થ (૩)
૧૦. ઢીલ, વિલંબ (૨)
૧૧. અવાજ (૨)
૧૨. ઘર, રહેઠાણ, મકાન (૩)
૧૩. જીવ વિનાનું (૨)
૧૪. જોનાર, પ્રેક્ષક (૩)
૧૬. સરોવર, તળાવ (૩)
૧૭. કિનારો
૧૮. કાણું (૨)
૧૯. પાલવ, છેડો (૩)
૨૦. પુત્રી (૩)
૨૧. સરખા અંતરે આવેલું (૪)
૨૨. હંમેશ, નિરંતર (૩)
૨૪. ટેક, આબરૂ (૨)
૨૫. નારયેળિ (3)
૨૭. મીઠું (૩)
૨૯. પર્વત (૨)
30. પ્રખ્યાત, સુંદર (૨)



### દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

**દંત મંજન**

જામનગરના પ્રખ્યાત દંતકથા રૂપ સર્જન ડો. પ્રાણજીવનદાસભાઈ મહેતા કહેતા કે બાવળના કોલસા બે ભાગ વાટી વસ્ત્રગાળ કરી તેમાં એક ભાગ મીઠું ઉમેરી તેને મંજન તરીકે વાપરો. શ્રેષ્ઠ ઉપાય છે.

### આજનું પંચાંગ

**તા. 28/10/2026, બુધવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** આસો
**તિથિ:** વદ: ત્રીજ: 25:08
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** હેમંત
**રાષ્ટ્રિય દિનાંક :** કારતક:-06 **યોગ :** વ્યતિપાત
**કરણ:** વણિજ **નક્ષત્ર :** કૃતિકા:- 13:27
**રાશિ:** વૃષભ (બ.વ.ઉ)
**દિવસ :** મિશ્રઃ બુધ પશ્ચિમમાં અસ્ત
**સુરતમાં સૂર્યોદય :** 06:41 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:04
**નવકારસી :** 07:29
**પારસી વર્ષ :** 1396 ખોરદાદ માસનો 15 મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448 જમાદીલ ઊલ અવલ માસનો 16મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ
**રાત્રિનાં ચોઘડિયાં:** ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વવેગ
**રાહુ કાળ :** બપોરેઃ 12:00 થી 13:30 સુધી

### આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** ઘર પરિવારમાં ઉત્સવ જેવુ વાતાવરણ રહે. ઉઘરાણી આવી શકે છે. શિક્ષણમાં પ્રગતિ

**વૃષભ (બ,વ,ઉ,):** રોમેન્ટીક મુલાકાત થાય. સમાજમાં માન વધે. દાંપત્યમાં તાલમેળ રહે. આવક વધે.

**મિથુન (ક,છ,ઘ,):** ધાર્મિક પ્રવૃત્તિથી શાંતિ મળે. લોકોને મદદરૂપ બનશો. વિદેશના કામમાં ગતિ આવે.

**કર્ક (ડ,હ,):** સ્ત્રી મિત્રોનો સાથ મળે. પુત્રી સંતાનથી શાંતિ મળે. નવા આર્થિક રોકાણથી લાભ.

**સિંહ (મ,ટ,):** મોજ-શોખના ધંધામાં આવક વધે. નોકરીમાં નવી તક મળે. ધંધામાં મદદ મળે.

**કન્યા (પ,ઠ,ણ,):** વિદેશ પ્રવાસ આયાત-નિકાસ અને કાયદા કાનૂનને લગતા કામ થાય. શુભ સમાચાર મળે.

**તુલા (ર,ત,):** ખાવા-પીવામાં સાવધાની રાખવી. નોકર-ચાકરથી નુકસાન થઇ શકે છે. ખર્ચા વધશે.

**વૃશ્ચિક (ન,ય,):** રોજની આવક વધે. ધંધામાં નવી યોજના બને. ઉંમરલાયકને વિવાહની ઓફર મળે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** વિદ્યાર્થીઓને તક મળે. નવા રોકાણથી લાભ થાય. સંતાનોની ચિંતા સતાવે. મિત્રોનો સાથ મળે.

**મકર (ખ,જ,):** મોજ-શોખ બાબતે પ્રવાસ થાય. સંતાનોની સતાવે. આવક વધે. મિત્રોનો સાથ મળે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** વારસાના કામમાં વડીલોની મદદ મળે. નવા ઘરની યોજના પાર પડે. નોકરીમાં પ્રગતિ.

**મીન (દ,ચ,ઝ,થ,):** મિત્રો સાથે વ્યવસાયની યોજના પાર પડે. શિક્ષણ, ટેકનોલોજીને લગતા કામમાં લાભ.

### કોઇ પણ સાલમાં 28 ઓક્ટોબરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતુ આપનું નવુ વર્ષ સામાન્ય રહે. આરોગ્ય અને ઉઘરાણીની ચિંતા વધે. નોકરી ધંધામા હરીફો વધે. સમાજમાં સામાન્ય રહે. આર્થિક બાબતે સામાન્ય રહે. ઉમરલાયકના વિવાહ થાય. સંતાનોના અભ્યાસ કેરીયરમાં મદદ મળે. નવા ઘર, વાહન, મકાનની યોજના શરૂઆતમાં પાર પડે. ટેકનોલોજીનો લાભ મળે. આવક વધારવાની યોજનામાં ચડતી પડતી રહે. વારસા જાયદાદ, જમીન જેવા કામમા મદદ મળે. વિદેશના કામ ધીમા પડે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. પ્રેમ વિવાહમાં મદદ મળે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં સામાન્ય રહે. વડીલો મિત્રોની મદદ સામાજિક કામમાં મળે. સ્ત્રી વર્ગને નોકરીમાં પ્રગતિનો અનુભવ થાય. જ્યારે સામાજિક સમસ્યા સતાવશે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. નોકરી-ધંધામાં નવા ફેરફારથી દોડધામ વધશે. જુલાઈ-ઓગસ્ટમાં રવિ-સોમવારે 01,10,28 તારીખે નવા કામ કરવો. સુનેરી, ભૂરા રંગનો ઉપયોગ વધારવો. નવેમ્બર-ડિસેમ્બરમાં શનિ, શુક્રવારે 07,16,25 તારીખે નવા કામ ટાળવા. શ્યામ રંગનો ઉપયોગ ઓછો કરવો.


Muthoot Homefin (India) Ltd.

CIN - U65922KL2011PLC029231

એપેન્ડિક્સ-IV-A [જુઓ નિયમ 8(6)ના પ્રોવિઝો]

જાહેર નોટિસ - પ્રાઇવેટ ટ્રીટી દ્વારા સેલ

[illegible]

તારીખ: 28 ઓક્ટોબર, 2026 સ્થળ: સુરત સહી/- અધિકૃત અધિકારી, મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ